ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# લોન અરજીઓના નિકાલમાં તંત્રનું ઉદાસીન વલણ

## વિકલાંગ સાધન સહાય અંતર્ગત ૧૪૯ અરજીઓ મંજૂર કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ અરજીઓ પૈકી અરજીઓના નિકાલમાં તેમજ બેંકો મારફતે પણ લોન વિતરણમાં થતા વિલંબનું વિપરીત ચિત્ર બહાર આવવા પામ્યુ છે.

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે વર્ષ-૨૦૧૧-૧૨ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાયની કુલ ૨૧૧૨ અને વર્ષ-૨૦૧૨ દરમ્યાન ૨૪૧૧ અરજીઓ મળી હતી. આમ બે વર્ષમાં કુલ ૪૫૨૩ જેટલી અરજીઓ મળી હતી.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ અરજીઓ પૈકી ૨૦૧૧ ના વર્ષમાં ૧૦૯૪ તથા બેંકકક્ષાએ ૧૦૧૯ અરજીઓનો નિકાલ થયો હતો. જ્યારે વર્ષ-૨૦૧૨ દરમ્યાન ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ૧૩૯૨ અને બેંક કક્ષાએ ૯૯૫ અરજીઓનો નિકાલ થયો હતો.

**વિધાનસભામાં ગાંધીનગર**

આજ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૧૦૧૯ અરજીઓના અરજદારોને રૂ. ૬૭૩.૧૬ લાખની લોન મંજૂર કરવામાં આવી છે. જ્યારે ૭૬૮ અરજીદારોને રૂ. ૯૦.૩૧ લાખની સહાય ચુકવવામાં આવી છે.

વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષ દરમ્યાન ૯૯૫ અરજદારોને રૂ. ૭૮૮.૭૬ લાખની લોન મંજૂર કરવામાં આવી છે અને ૧૦૯૧ અરજદારોને રૂ. ૧૨૨.૧૩ લાખની સહાય ચુકવવામાં આવી છે.

જે અરજીઓ મળી હતી તેમાં બાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ૨૦૧૧માં ૨૧૧૧ અને ૨૦૧૨માં ૨૩૯૬ અરજીઓ છે. જ્યારે જ્યોતિગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ-૧ અને ૧૨ અરજીઓ મળી હતી.

● **વિકલાંગ સાધન સહાય**

ભાજપના શ્રી પિયુષભાઈ દેસાઈએ ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતાના મંત્રી શ્રી રમણ વોરાએ જણાવ્યુ છે કે જિલ્લામાં કુલ ૧૬૩ અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળી હતી.

આ પૈકી ૧૪૯ અરજીઓ મંજૂર કરી દેવામાં આવી છે અને રૂ. ૪,૩૬,૫૭૦ ની અરજદારોને સહાય ચુકવણી પણ કરી દેવામાં આવી છે.

● **ખેતી માટે તત્કાલ વીજ કનેક્શનની અરજીઓ**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ખેતીવાડી હેતુ માટે તત્કાલ વીજ જોડાણની અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે કે 'તત્કાલ યોજના-૨૦૧૦'ની જાહેરાત અને અમલીકરણ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકાઓ 'ડાર્કઝોન'માં સમાવિષ્ટ હતા. તેથી છેલ્લા બે વર્ષણાં ખેતીવાડીના હેતુ માટે તત્કાલ વીજ જોડાણની કોઈ અરજીઓ નોંધાઈ નથી.

● **રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના**

કોંગીના જ શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ લાભાર્થીઓને મળેલ લાભ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના ૫૧૩ કી.મી.ના રોડનેટવર્ક પર ૧૫૦ બમ્પ : ૫૦ નવા બનાવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરનું રોડ નેટવર્ક ચકાચક બનાવવા કરોડોનો ખર્ચ કરવામાં આવે છે. બહારથી આવતી સેલિબ્રિટી અને મહાનુભાવો પણ શહેરના રોડનેટવર્કથી પ્રભાવિત થતા હોવાનું ધ્યાને આવ્યું છે ત્યારે શહેરના ૫૧૩ કીલોમીટરના રોડનેટવર્કને ટ્રાફિકની દૃષ્ટિએ સલામત બનાવવા વિવિધ ૫૦ જેટલી જગ્યાએ બમ્પ બનાવવા તંત્ર સમક્ષ રજૂઆત થઈ છે. હાલની સ્થિતિએ નગરના મુખ્ય અને આંતરિક માર્ગો પર અંદાજિત ૧૫૦ જેટલા બમ્પ છે. જ્યારે જરૂરી ઠેકાણે બમ્પનું કામ હાથ ધરવા તંત્ર દ્વારા ખાસ દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવશે.

ભૌગોલિક દૃષ્ટિએ અટપટા નગરમાં પથરાયેલુ રોડ નેટવર્ક અન્ય શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર મનાય છે. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગોના લીધે રોડનેટવર્કથી આમનાગરિકો પ્રભાવિત છે. પરંતુ ચકાચક દેખાતી શહેરની સડકો ઉપર બેફાન ગતિએ દોડતા વાહનોની

**સ્ટેટ હાઈવે 'ઘ' અને 'ખ' માર્ગ પર ચાર બમ્પ, નવા બમ્પ બનાવવા વિભાગને દરખાસ્ત કરાશે**

ગતિ નિયંત્રણમાં રાખવા સ્પીડ બ્રેકર્સ મુકવાની પ્રબળ માંગ સતત ઉઠવી રહે છે. શહેરના ૫૧૩ કીલોમીટરમાં પથરાયેલા રોડનેટવર્કમાં હાલની સ્થિતિ ૧૫૦ થી વધુ બમ્પ હોવાનો અંદાજ છે. જેમાં નગરના મુખ્ય અને સ્ટેટ હાઈવે ગણાતા ઘ-માર્ગ, છ અને ખ-માર્ગ ઉપર પણ માર્ગ સલામતીની દૃષ્ટિએ બમ્પ બનાવાયા છે. જ્યારે 'ચ' 'જ' અને ક માર્ગ ઉપર બમ્પનુ અસ્તિત્વ નથી. શહેરના પ્રત્યેક સેક્ટરોમાં જોડતા એપ્રોચ માર્ગ ઉપર પણ બમ્પ બનાવાયા છે. જેથી મુખ્ય માર્ગ પર આવતા વાહનોની ગતિમાં રોક લાવી શકાય. જો કે શહેરનું રોડનેટવર્ક વિસ્તરતા તંત્ર સમક્ષ અત્યારસુધી વિવિધ ૫૦ જગ્યાએ નવા બમ્પ બનાવવા રજૂઆત કરવામાં આવી છે. આમ નાગરિકો અને સંસ્થાઓની રજૂઆતોને ધ્યાને લઈ તંત્ર દ્વારા જરૂરી ઠેકાણે બમ્પ નિર્માણ કરવા ટુંકમાં વિભાગ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવશે.

# શહેરના ૯૬૭ સરકારી મકાનો મરામત હેઠળ

ગાંધીનગર, તા. ૨૫

શહેરના વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો પૈકી હાલની સ્થિતિએ ૯૬૭ મકાનો મરામત હેઠળ હોવાનું ધ્યાને આવ્યું છે. જેમાં જ અને છ કેટેગરીના આવાસોની સંખ્યા વધુ છે.

શહેરમાં દાયકાઓ જૂના સરકારી આવાસો જાળવણીના અભાવે બિસ્માર હાલતમાં છે. શહેરના વિવિધ સેક્ટરોમાં અંદાજિત ૧૬ હજાર જેટલા આવાસો છે. આ પૈકી ૧૯૦૦ આવાસો નિકાલ હેઠળના જાહેર કરાયા બાદ પણ આ મામલે પાંચ વર્ષથી વધુ સમયના અંતે કોઈ નિર્ણય લેવાયો નથી. જ્યારે સેક્ટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના

● અનુસંધાન પાન-૭ પર

# તડબુચ, દ્રાક્ષ, ટેટી જેવા ઉનાળુ ફળોથી બજારો ઉભરાયા

## છેલ્લા કેટલાક દિવસોથી ભાવો નીચા આવતા ખરીદી માટે ગાંધીનગરાઓ ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨૫

કેરીના આગમન પહેલા લીલી-કાળી દ્રાક્ષ,



તડબુચ, નારંગી, ટેટી જેવા ફળો બજારની રોનક વધારી રહ્યા છે. આ ફળોથી ભરપૂર લારીઓનો જમાવડો મુખ્ય માર્ગોની આસપાસ જોવા મળી રહ્યો છે.

ઉનાળાનો પ્રારંભ થઈ ચુક્યો છે. ધીમી રફતારે વાતાવરણમાં ગરમી વધી રહી છે. સિઝનના બદલાવ સાથે જ સિઝનલ ફળો અને શાકભાજીનું આગમન થઈ રહ્યું છે. આમ તો ઉનાળાનું ફળ કેરી ગણાય છે, પરંતુ તેની સિઝન ખુબ મોડી શરૂ થાય છે. તે પહેલા બજારોમાં દ્રાક્ષ, તડબુચ, ટેટી જેવા ઉનાળુ ફળો પુરેપુરો પગદંડો જમાવે છે. ઉનાળાના આગમન સાથે જ આ ફળો બજારોમાં દેખાઈ રહ્યા છે. ફ્રુટ માર્કેટ ઉપરાંત શાકમાર્કેટની બહાર ઉભી રહેતી લારીઓ, મુખ્ય માર્ગોની આસપાસ ઉભી રહેતી લારીઓ આ ફળોથી લચી પડી છે. વળી છેલ્લા કેટલાક દિવસોથી દ્રાક્ષના ભાવો ઘટ્યા છે અને ગુણવત્તા સુધરી છે. જેના પરિણામે તેનુ વેચાણ વધ્યુ છે. કાળી દ્રાક્ષ ૮૦ થી ૧૦૦ રૂ. કિલો અને લીલી દ્રાક્ષ ૫૦ થી ૭૦ રૂ. કિલો વેચાઈ રહ્યા છે. છેલ્લા અઠવાડિયાથી તડબૂચના દર્શન પણ બજારોમાં થઈ રહ્યા છે. બજારોમાં તડબુચના આગમન સાથે જ તેના ભાવ ૧૫



(તસવીર : દિપક જાની)

રૂ. કિલો જેટલા નીચા હોવાથી તેનું વેચાણ વધ્યુ છે. આ ઉપરાંત ટેટી, નારંગી, મોસંબી અને સ્ટ્રોબેરી જેવા ખાટા-રસાળ ફળો ઉનાળાની વધી રહેલી ગરમીમાં રાહત આપી રહ્યા છે.

# સંસ્કૃતિકુંજમાં કંતાનમાંથી બનતી કલાકૃતિઓનું આકર્ષણ



(તસવીર : નિકેશ બારોટ)

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના આંગણે દેશભરના હસ્તકળાના કારીગરોની કલાકૃતિઓનો જમાવડો અત્યારે સાંસ્કૃતિકુંજમાં જોવા મળે છે. ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યના ખુબજ નિષ્ણાંત કારીગરો પોતપોતાની વિવિધ કલાકૃતિઓની પ્રદેશની અને વેચાણ અર્થે ગાંધીનગરના મહેમાન બન્યા છે.

વસંતોત્સવમાં કંતાનમાંથી બનાવાતી વિવિધ આઈટમોની પ્રદર્શની એ ખુબ આકર્ષણ જમાવ્યુ છે. આ સ્ટોલ ગુજરાત હેન્ડી ક્રાફ્ટનો છે. તેના ચેર પર્સન સીમા જાની છે. અને તેનું માર્કેટીંગનું કામ સંજયભાઈ જાની સંભાળે છે. આ સંસ્થા બેરોજગાર મહિલાઓને રોજગારી આપવા સાથોસાથ પગભર બને અને પોતાનો વ્યવસાય ચલાવવા માગતી મહિલાઓને સ્વભંડોળમાંથી લોનની પણ વ્યવસ્થા કરી આપે છે. અને સાથોસાથ કામમાં પણ મદદરૂપ થાય છે. અહિ આવતી દરેક મહિલા પોતાના ઘરમાં કામ કરતી હોય તેવું કુટુંબનું વાતાવરણ પામતી હોય છે. આ સંસ્થા કંતાનમાંથી સુઝ કવર, જ્વેલરી બેગ, ટીફીન બેગ, સાડી કવર, બ્લાઉઝ કવર, મોબાઈલ કવર બનાવે છે. ૨૦ રૂપિયાથી લઈ ૯૦૦ રૂપિયાની આઈટમ આ સંસ્થા બનાવે છે. જ્યારે અહીંના ફૂડકોર્ટમાં ઉત્તર પ્રદેશના શંકરલાલ અગ્રવાલ કેશરીયા મખ્ખન મલાઈ કુલ્ફી લઈ આવ્યા છે. તેઓ પોતાના પ્રદેશણાં જાણીતા છે પરંતુ જ્યારથી

**ઉત્તરપ્રદેશની વાનગીઓનો સ્વાદ પણ વસંતોત્સવમાં માણવા મળે છે**

સાંસ્કૃતિકુંજની શરૂઆત થઈ ત્યારથી ગાંધીનગરમાં આંગણે તેઓ આવે છે. તેમના હાથના ગુલાબજાબુન અને મિક્ષ ભજીયાનો સ્વાદ લેવા ગાંધીનગરાઓ અવશ્ય સાંસ્કૃતિકુંજની મુલાકાત લેતા હોય છે. હમણા જ ગોવામાં યોજાયેલી એક સ્પર્ધામાં તેમણે પ્રથમ ક્રમ મેળવ્યો હતો. તેમણે રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરારાજેના હસ્તે પણ એવોર્ડ મેળવ્યો છે. તેમણે ગુજરાત સરકારના પણ ઘણા એવોર્ડ મેળવ્યા છે. તેમની રસમલાઈ, રાજભોગ, માટલા કુલ્ફી પણ ખુબજ પ્રખ્યાત છે. શંકરલાલ અગ્રવાલની આ આઈટમોનો સ્વાદ પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઈએ પણ માણેલો છે. વસુંધરારાજે ગુજરાત રાજ્યના બી.જે.પી.ના પ્રવક્તા આઈ.કે. જાડેજાએ પણ આમના હાથની રસમલાઈનો સ્વાદ ચાખ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં આવવું તેમને ખુબજ ગમે છે. હું બીજા ઘણા રાજ્યોમાં પ્રવાસ કરૂ છું પરંતુ ગુજરાત જેવી શાંતિ બીજે ક્યાંય નથી.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વર્ગવાસ
તા. ૨૬-૨-૨૦૧૨

મુ. ગવાડા, તા. વિજાપુર,
જિ. મહેસાણા

**સ્વ. દેસાઈ જતનબેન ઓધારભાઈ**

ઘેઘુર વડલાની ડાળ-પાંદડીઓને નવપલ્લવીત કરી આપની અણધારી વિદાયને આજે એક વર્ષ પૂર્ણ થયું. શ્રી ચામુંડા માતાજીના મંદિરમાં અને ઘર આંગણમાં આપની ચરણરજ મીરાંના ઘુંઘરુંની જેમ રણકી આપની યાદ જીવંત રાખે છે. આપની મુધરતમ્ વાણી, ચંદ્રમાની શીતળતા જેવો મૃદુ સ્વભાવ અને મંદમંદ હાસ્ય વેરતું મુખારવિંદ નહિ ભુલાય. આપના સુસંસ્કારોથી શોભતા અમે... પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના સહ....

લિ.

દેસાઈ ઓધારભાઈ વશરામભાઈ (નિવૃત્ત શિક્ષક)
દેસાઈ વીરમભાઈ વશરામભાઈ
દેસાઈ વેલાભાઈ વશરામભાઈ
દેસાઈ રણમલભાઈ સરતાનભાઈ
દેસાઈ અમરતભાઈ સુરભાણભાઈ
દેસાઈ ઈશ્વરભાઈ હરજીભાઈ
દેસાઈ ભગવાનભાઈ એસ. (ઝુંડાલ)
દેસાઈ પ્રભાતભાઈ ડી. (જાસ્કા)
દેસાઈ રઘુભાઈ એમ. (ગુંજા)
દેસાઈ જીતેનભાઈ ઓધારભાઈ (નાયબ મામલતદાર)
દેસાઈ રેખાબેન જીતેનભાઈ
દેસાઈ ધ્રુવા જીતેનભાઈ
દેસાઈ બિરેન જીતેનભાઈ
દેસાઈ સીતાબેન ઓધારભાઈ
દેસાઈ ભારતીબેન ઓધારભાઈ
દેસાઈ મીનાબેન ઓધારભાઈ
દેસાઈ મોનાબેન ઓધારભાઈ

સ્નેહસભર સમસ્ત ખાંભલ્યા પરિવાર - મું. ગવાડા, તા. વિજાપુર



SANGHI CEMENT · KISAN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# માહિતી અધિકાર અન્વયે માહિતી આયોગમાં ૧૪ હજાર અરજીઓ પડતર

## ગુજરાત આર.ટી.આઈ. એકટીવેસ્ટ એસોસિએશને રાજયપાલને વિવિધ ૨૧ મુદ્દાઓની માંગણીઓ સંદર્ભે આવેદનપત્ર આપ્યું : ન્યાય નહીં મળે તો ૧૮ હજાર ગામડાઓમાં રેલી નીકળશે

ગાંધીનગર, તા.૨૫

આર.ટી.આઈ. અન્વયે ગુજરાત માહિતી આયોગમાં ૧૪૦૦૦થી વધારે અપીલો અને ફરિયાદો પેન્ડીંગ હોવાથી ન્યાય ઈચ્છુક અરજદારોમાં પ્રબળ આક્રોશ પ્રર્વત્યો છે. માહિતી આયોગમાં કમિશનરોની ભરતી કરવા ઉપરાંત દંડની સત્તાનો યોગ્ય ઉપયોગ કરવા સહિત વિવિધ ૨૧ મુદ્દાઓની માંગણીઓ સંદર્ભે આજે ગુજરાત આર.ટી.આઈ. એકટીવીસ્ટ એસોસિએશને રાજયપાલને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ મામલે ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ૧૮ હજાર ગામડાઓમાં રેલી તેમજ દિલ્હીમાં જંતર-મંતર ખાતે ઉપવાસનો કાર્યક્રમ થકી લડત આપવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગુજરાત આર.ટી.આઈ. એકટીવીસ્ટ એસોસિએશનના પ્રમુખ ગૌતમ ગોહીલ તેમજ ભીખાભાઈ બાટાવાળાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગુજરાત માહિતી આયોગમાં ૧૪ હજાર અપીલો પેન્ડીંગ છે. ત્યારે માહિતી અધિકાર અધિનિયમને અસરકારક બનાવવા ત્વરિત અસરથી પગલા લેવા અનિવાર્ય છે. માહિતી આયોગમાં હજારો ફરિયાદો પેન્ડીંગ છે. અરજદારોને ન્યાય મળતો નથી જેની રાહમાં વર્ષો જાય તેમ છે. રાજયમાં ૧૦ કેસમાંથી માંડ એક કેસમાં જ માહિતી મળતી હોવાનું ધ્યાને આવ્યું છે. માહિતી આયોગમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૯૯૪૦ જેટલી અપીલો આવી છે. જેની સામે હાલમાં ફક્ત ૨ કમિશનરો ફરજ બજાવે છે. માહિતીના કાયદાની જોગવાઈ મુજબ ૧૦ કમિશનરોની તાકીદે ભરતી કરવા પણ જણાવાયું છે. માહિતી આયોગમાં ચાલતી અપીલો અન્વયે પણ અધિકારીઓને દંડ કરવામાં આવતો નથી જયારે આજદીન સુધી કોઈ આઈ.એ.એમ. કે આઈ.પી.એસ. અધિકારીઓને દંડ કરવામાં આવ્યો નથી. એકબાજુ માહિતીના કાયદાની અસરકારક અમલવારી થતી નથી. નાગરિકોને માહિતી મળી નથી ત્યારે આયોગમાં અપીલોની સુનાવણી પણ મંદ ગતિએ થાય છે. ગુજરાત સરકારે છેલ્લા સાત વર્ષથી સ્ટેટ વિજીલન્સ કમિટી (પસંદગી સમિતિ)ના રચના પણ કરી નથી. જયારે માહિતીના કાયદામાં 'લોક અદાલત' યોજવાની જોગવાઈ નથી. છતાં માહિતી આયોગ લોક અદાલતમાં એક તરફી અપીલો ચલાવી અધિકારીઓની તરફેણમાં હુકમ કરે છે. આર.ટી.આઈ. એકટીવીસ્ટોને ભ્રષ્ટ અધિકારીઓ અને માફીયાઓ ધાકધમકી આપે છે. જયારે શહીદ એકટીવીસ્ટોના પરિવારજનોને સહાય આપવા પણ રજૂઆતમાં જણાવાયું છે. માહિતી મેળવવા સંદર્ભે બિહારની જેમ ટોલ ફ્રી નંબર શરૂ કરવા પણ જણાવાયું છે. એસોસિએશને માહિતી અધિકાર અધિનિયમ અંગે શાળા કોલેજોમાં અભ્યાસક્રમ શરૂ કરવા પણ માંગણી કરી છે. આર.ટી.આઈ. એકટીવીસ્ટ એસોસિએશને આજે સવારે સે-૬ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં સભા યોજી હતી. જયારે વિવિધ-૨૧ માંગણીઓ સંદર્ભે રાજયપાલને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આર.ટી.આઈ. એકટીવીસ્ટ એસોસિએશનની આ લડતને ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ગુજરાત પરિવર્તન પાર્ટીના ગોરધન ઝડફીયાએ ટેકો જાહેર કર્યો છે. જયારે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના મુકેશ પટેલ, હિમાંશુ પટેલ તેમજ મહામંત્રી કે.પી. સોલંકીએ પણ એસોસિએશનના કાર્યકરોની મુલાકાત લઈ લડતને ટેકો આપ્યો છે.

**યોગ્ય પુરસ્કાર આપશું**

સેક્ટર-૧૯ ઈન્કવાયરીથી સચિવાલય તરફ જતા માર્ગે થઈ હનુમાન મંદિરથી સે.૧૬ના માર્ગ પર અગત્યના કાગળો સાથે કાળી બેગ પડી ગયેલ છે. જે કોઈને મળે તેમણે તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી છે.

**પરત આપનારને યોગ્ય પુરસ્કાર અપાશે.**
**સંપર્ક : ૯૩૭૬૭ ૫૩૯૯૯**









Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com